વ્યાપક, અવિનાશી

બ્રહ્મ ને

સમર્પણ.

તન્મે મનઃ બ્રહ્મ સંકલ્પ મસ્તુ :।

બ્રહ્મવિદ્યા મારામાં પૂર્ણરૂપે સાક્ષાત થાવ.

હે પરમશક્તિ! મારા માં પરાવિદ્યા
સંપૂર્ણરૂપે સ્ફુરાયમાન થાવ.

જે સર્વ ઉપાધિરહિત છે એટલે અભેદ છે.
તે હું છું.

આ સર્વ કાંઈ મારા આત્મરૂપ જ છે.

જે દેખાય છે તેતો છે જ નહી.
- જે નથી દેખાતું તે જ છે.

૧૨૦૫ 5·૬·૨૫·૬

મારા મૂલાધાર માં રહેલા, "મા કુંડલિનીશક્તિ"
જાગૃત થાવ, ઉત્થાન થાવ, ચાલન થાવ
મારા સહસ્રાર ચક્ર માં જઈ સ્થાપિત
થાવ. શિવ-સાયુજ્ય પામો.

अस्तु :।

હે પરમાત્મા, હે પરબ્રહ્મ,
હું તું જ છું તેનું વિસ્મરણ ક્યારેય
ન થાવ, ન થાવ, ન થાવ.

આ મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર
શુદ્ધ જ છે. પવિત્ર જ છે.
કેવળ બ્રહ્મચૈતન્યસ્વરૂપ જ છે.

નિર્મળ ચૈતન્ય નું અવતરણ શરીરમાં
થઈ રહ્યું છે.

24.7.24

આ જગત પૂર્ણ છે. તે પૂર્ણમાંથી પ્રગટ્યું છે.

રોજીંદા જીવન માં બુદ્ધિ હંમેશા ખામીઓ, ત્રુટીઓ બતાવ્યા જ કરશે.

આ દેખાતાં imperfection પાછળ Perfect, Perfection જોવાની ટેવ પડે તો પછી બેડો પાર છે

આમ પણ Perfect છો. પૂર્ણ છો. દ્રષ્ટિ પૂર્ણતા જોવા માંડે એટલે બધુ પરિપૂર્ણ થતાં સંસાર પૂરો ~~[illegible]~~ થઇ જ જાય.

# સંસ્કાર

એટલે બુદ્ધિ નો ડબ્બો.

સંસાર માં બધુ જ ડામાડોળ
હોય

પણ ત્યારે હાલમડોલ
થવાનું બંધ કરવું પડે

મન પ્રગટાવ કરપલ
હું અચલ છું.
હું નિશ્ચલ છું.
હું નિસ્પંદ છું.

7.8.24

જેવું લાગે છે તેવું વળગણ પડે છે.
બધા વળગાડો લાગણીઓના તો છે.

तावद्गर्जन्ति अहंकार:
न गर्जन्ति महाशक्ति यावद्
ब्रह्म चैतन्य विलसति

જ્યાં બ્રહ્મ ચૈતન્ય પ્રગટે ત્યાં
અહંકાર ગર્જના કરતો નથી.

મારામાં જ સર્વ ભૂતો - પંચમહાભૂતો
રહેલાં છે.

આ બ્રહ્માંડ અને અન્ય અનંત
બ્રહ્માંડો મારામાં જ સ્થિત છે.
એટલે જ હું તેમનું આધારસ્થાન
બ્રહ્મ ચૈતન્ય શક્તિ જ્ઞાનરૂપ છું.

આ સંસાર નું અભાન
થઈ ને, મશગુલ થઈને
જુએ છે.

જરા ભાન રાખ કે
આ સંસાર છે એવું
જોનારો અને ~~જાણના~~
આવો સંસાર છે એવું
જાણનાર તું જ છુ
તે જ હું છું.

પ્રકૃતિરૂપ પંચભૂતો

અને

ત્રણ ગુણ

તેનો ભોગવનાર

કેવળ

હું.

જોતાં જોતાં

જોતજોતામાં

જ્યોતિ પ્રગટે.

નાટક - સિનેમા જોવા

આ બધુ તું જુએ છે.

તો આ સંસાર પણ

જોયા કર.

તે જોનારો જ તું જ છું.

આ પાંચ સાનેન્દ્રીયો-એ

પકડેલા ભાયડા એ જ

સંસાર.

એવું જાણનાર હું જ છું.

આ શું ફર ફર ફરે છે.

આત્માને ફરું ફરવાનું
ફોલું ફેરો ?

જો તમે પ્રભુ ને જ પ્રેમ કરશો
તો સંસારભાવ જ સંપૂર્ણ ઓગળી
જશે.

પ્રેમ એ બધું જ ઓગાળી
કાઢે, અહંકાર પણ
સંસાર પણ.

પરમાત્મા ને પ્રેમ કરવાથી
સ્વભાવ પ્રકૃતિ નો વિલય (dissolve) થઈ
જાય છે.

૭-૬-૨૫.

તમામ સાંસારિક ઇચ્છાઓથી
હું સદા મુક્ત બ્રહ્મસ્વરૂપ છું
પરબ્રહ્મ જ છું.

આનંદ થશે
પરમ આનંદ થશે.
પણ કોને ?

એના ગમ કોને પડી ?

આ ઇચ્છા કોને થાય છે ?
આત્મા એટલે હું
એમાં કોઇ ઇચ્છા ક્યારેક
હોય નહીં.
નહીંતો સિદ્ધાંત તુટી જાય.

પ્રભુ
અવાચ્ય છે, અકથનીય છે
તો પછી આટલું બધુ વાંચવાનું,
વિચારવાનું, બકબક કેમ કર્યા
કરે છે.

પ્રભુ
અવાક છે.

તો પ્રભુ હું જ છું
હું જ બ્રહ્મ સ્વરૂપ જ છું

હું હવે થી મૌન છું
કર્તા છતાં અકર્તા છું